જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૯/૨૦૨૨ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૧૭૨૯/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૬/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૭ | ૦ | ૧૪૭ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૦ | ૦ | ૧૦૦૭૦૦ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪ | ૩,૪૦,૩૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## **નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૮૪ લીટર દેશી દારૂ, ૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૧૬ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૮૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## **તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## **છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૨/૨૦૨૨**

**નારણપુરાઃ** ખુશ્બુબહેન રોહીતભાઇ કાયસ્થ (ઉ.વ.૩૯)(રહે. હરીશચંદ્ર સોસાયટી, વિજયનગર પાસે, નારણપુરા ગામ) એ તા.૨૬/૦૯/૨૦૨૨ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૯/૨૦૨૨ ના રોજ મોબાઇલ નંબર ૮૨૪૯૪૫૯૭૫૬, ૬૩૭૧૨૯૪૫૫૩ અને ૮૩૪૦૧૦૭૯૬૧ ના ધારકે ખુશ્બુબહેન ફોન કરી ખુશ્બુબહેનનુ ઇલેક્ટ્રીસીટી બીલ બાકી હોવાનુ જણાવી બીલ ઓનલાઈન ભરવા માટે વાત કરી ખુશ્બુબહેનના મોબાઈલમાં "અપડેટ ક્યુ.એસ" નામની એપ ડાઉનલોડ કરાવડાવી, ખુશ્બુબહેનના બેન્ક ખાતાની માહીતી મેળવી લઈ ખુશ્બુબહેનના ખાતામાંથી કુલ રૂપિયા ૩૪,૦૦૦/- ટ્રાન્સફર કરી મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જી.જાદવ ચલાવે છે.

## **ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૩/૨૦૨૨**

**ઇસનપુરઃ** લોકેશભાઇ મહેન્દ્રભાઇ કસ્વાન (રહે.વ્રજભુમી સોસાયટી વિભાગ-૧ જેઠાભાઇની વાવ ઇસનપુર) એ તા.૨૬/૦૯/૨૦૨૨ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૯/૨૦૨૨ સાંજના ૫/૦૦ થી તા.૧૨/૦૯/૨૦૨૨ સાંજના ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારોલ બી.આર.ટી.એસ. સામે મોહનવેર હાઉસ ગોડાઉન નંબર-૮ "મહેન્દ્રા ફોલ્ડીંગ વર્કસ" નામના ગોડાઉનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી, ગોડાઉનમાંથી કાપડના તાકા નંગ-૬૬ કિમત રૂપિયા ૬,૫૯,૪૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

**સેટેલાઇટઃ** આકાશભાઇ રાજેશભાઇ શાહ (રહે. સોમેશ્વર રો-હાઉસ વિભાગ-૧ શ્યામલ ચાર રસ્તા પાસે સેટેલાઇટ) એ તા.૨૬/૦૯/૨૦૨૨ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૯/૨૦૨૨ સાંજના ૭/૦૦ થી તા.૨૬/૦૯/૨૦૨૨ સવારના ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઇટ શિવરંજની ચાર રસ્તા ઝાંસીની રાણી બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ સામે ગેલેક્ષી મોલમા આવેલ "આર્ટીસ્ટ્રી ઈવેન્ટ" નામની ૨૧૫ નંબરની દુકાનની પાછળની બારી તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી ઓફિસમાંથી રોકડ રૂપિયા ૧,૮૪,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૪/૨૦૨૨**

**સાબરમતીઃ** સાબરમતી પાવર હાઉસ મિશ્રીલાલની ચાલીની અંદર સુવાલાલની ચાલી ખાતે રહેતા નરેશકુમાર ગણપતલાલ ત્રિવેદી નાઓના અગિયાર વર્ષના પુત્ર માનવ એ અગમ્ય કારણસર તા.૨૬/૦૯/૨૦૨૨ બપોરના ૧૨/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી